શ્રી ગુજરાતી (હાલારી) ચાતુર્વેદીય મોઢ બ્રાહ્મણ
જ્ઞાતિ હિતેચ્છુ મંડળનો

તા. ૧૬-૧૨-૫૩ થી તા. ૩૧-૧૨-૫૪ સુધીનો

# નવમો રીપોર્ટ

तीर्थेभ्योह्यधिका गंगा गंगाया अधिका गया
गयाया अधिका ज्ञाति, ज्ञातिगंगे नमोस्तुते ॥

★

કાર્યવાહક મંડળની આજ્ઞાથી છપાવી પ્રસિદ્ધ કરનાર

જ્ઞાતિના નમ્ર સેવકો
ચંદ્રશંકર રવિશંકર ભટ્ટ
ચંપકલાલ મોહનલાલ ત્રિવેદી
મંત્રીઓ

# જ્ઞાતિ હિતેચ્છુ મંડળ તરફથી અમૂલ્ય પ્રકાશન

# વસ્તી પત્રક

## આજેજ મંગાવો

આપણી જ્ઞાતિનું ગામવાર, દરેક કુટુંબના દરેક માણસના નામ, અભ્યાસ, ઉંમર, ધંધો, ગોત્ર, પ્રવર, વેદ, કુળદેવી વિગેરેની અનેક માહિતી પૂરી પાડતું વસ્તીપત્રક છપાઇ તૈયાર થયેલ છે.

દરેક કુટુંબમાં તે અવશ્ય હોવું જોઇએ. વસ્તીપત્રક એક રીતે આપણી જ્ઞાતિનો અદ્યતન ઇતિહાસ છે.

સપ્તમ અધિવેશન વખતે તેની પડતર ઠરાવેલી કિંમત રૂા. ૨–૮–૦ માં ઘટાડો કરી રૂા. ૧–૦–૦ ની રાખવામાં આવી છે. નકલ મેળવવા મંડળના મંત્રી પર લખવું અને કિંમત કરતા આઠ આના વધારે ટપાલ ખર્ચના મોકલવા.

# નિવેદન

**પરમ આદરણીય જ્ઞાતિ બંધુઓ તથા પરમ પવિત્ર દેવીઓ,**

આપણા જ્ઞાતિ હિતેચ્છુ મંડળનો આ નવમો અહેવાલ તા. ૨૧-૧૧-૫૩થી તા. ૩૧-૧૨-૫૪ સુધીના આપના કરકમલમાં રજુ કરતાં અતીવ હર્ષ થાય છે.

આ મંડળ સ્થપાયા બાદ બત્રીસ વર્ષના ગાળામાં ક્યારેક શિથિલતાએ, ક્યારેક ચપળતાએ ક્યારેક કંટકાવૃત માર્ગે, ક્યારેક પુષ્પાવૃત માર્ગે, ધૈર્યતાથી, ગંભીરતાથી, અસ્ખલિત પ્રવાસ કરી આપણા સર્વના વહાલ ભર્યું વિદ્યોત્તેજક મંડળ આજ સૌરાષ્ટ્રની બહાર મહા ગુજરાતના પાટનગર અમદાવાદમાં, સૌરાષ્ટ્રથી અમદાવાદને માર્ગે આકાશમાંથી આપણી જ્ઞાતિના સદ્‌ગત આત્માઓ તરફથી થતી સુવાસિત પુષ્પોની વૃષ્ટિથી લદબદ તેમજ શુભાશીષોથી વિભૂષિત બની પ્રવેશે છે, અને જેનું સન્માન કરવાનું અમદાવાદમાં વસતા કર્તવ્ય પરાયણ આપણા ભાઇઓ તથા બહેનોને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે તે અતીવ ગર્વનો વિષય છે.

આ મંડળ ઇશ્વર પ્રેરિત છે, તેમજ ઇશ્વર કૃપાથી વિભૂષિત છે તેમ આથી પ્રતીત થાય છે.

આ ઇશ્વર પ્રેરિત તથા વિભૂષિત મંડળની જેમણે સેવા કરી છે, જેઓ સેવા કરી રહ્યા છે તથા ભવિષ્યમાં જેઓ સેવા કરશે તેના ઉપર ઇશ્વરની શુભ આશિષ વરસે એવી અભિલાષા સાથે આપણા મંડળના છઠ્ઠા અધિવેશન પછીથી એટલે તા. ૨૧-૧૧-૫૩ થી તા. ૩૧-૧૨-૫૪ સુધીનું કાર્યવાહક સમિતિના કાર્યનું સંક્ષિપ્ત વિવરણ આ સાથે રજુ કરવાની રજા લઉં છું.

મંડળ એ સાગર છે અને સભાઓ તથા સમિતિઓ નાની મોટી નદીઓ છે. જેમ નાની મોટી નદીઓનો અંતિમ પ્રવાહ નાના મોટા તરંગો [મોજાઓ] સાથે સાગરમાં મળી જઇ સાગર રૂપ બની જાય છે અને સાગર, એ નાના મોટા તરંગોને પોતામાં ઓત પ્રોત કરી નાખે છે તેજ રીતે મંડળ પણ સાગરનું અનુકરણ કરે છે.

વળી સાગર જેમ મહાન છે તેમ તેના તરંગો [મોજાઓ] મહાન છે તો પણ સાગર એ તો સાગર મહા સાગર.

નાનાં મોટાં મોજાઓને ઉત્થાન થવાનો અવકાશ પણ આપે છે અને ઉદારતાથી પોતામાં સમાવી પણ લીયે છે.

કલ્પના કરો કે એ મોજાઓ જો સ્થીર રહે અને સાગર પોતામાં ન સમાવી લીયે તો સાગર એ સાગર રહે કે નહિ ? એજ પ્રમાણે જો મંડળ તેના ભકત સભ્યો તથા સેવકોની નાની મોટી ભૂલો દરગુજર ન કરી પચાવી ન લીયે તો મંડળ રહે કે કેમ ?

મારા વ્હાલસોયા ભાઇઓ તથા બહેનો, આપના સમક્ષ ગત વર્ષનો ટુંક હેવાલ રજુ કરતાં પહેલાં મારે અતિ આનંદ સાથે જણાવી દેવું જોઇએ કે દરેક અધિવેશન મુજબ આ અધિવેશને પણ તેમજ કર્યું છે. વિશેષમાં આપણા મંડળને તો ગત વર્ષના હિમાલય સરીખા મોજાઓને આજના અધિવેશન વખતે પચાવી લેતા જોઈએ છીએ એ થોડા હર્ષની વાત નથી, અને આપણે સર્વેએ એ કબુલ કરવું જોઇએ કે એ સર્વ યશ અમદાવાદમાં વસતા ભાઇઓને ફાળે જાય છે.

આ વર્ષનાં કારોબારી સમિતિની કુલ ૧૧ બેઠકો મલી હતી જેમાં માત્ર ૨ બેઠક કાર્ય સાધક સંખ્યાને અભાવે મુલત્વી રહી હતી. એ શિવાય કાર્યવાહક સમિતિએ ૪ સાધારણ સભાઓ સ્થાનિક ભાઇઓની બોલાવી હતી તેમાંથી એક સત્કારસમારંભની બીજી વાર્તાલાપની, ત્રીજી શોકસભા તથા ૪ થી અને છેલ્લી શ્રી અમદાવાદ મુકામે જવા માટે નિર્ણયની.

ભૂતકાળના, વિદ્યાર્થીઓ તથા કાર્યકર્તાઓ વચ્ચે જે અસંતોષ થયેલા તે પરિસ્થિતિએ આ વર્ષની કારોબારી સમિતી માટે અગ્નિ પરીક્ષા સર્જેલ તેમજ આ સમિતિને અનેક પ્રકારની જવાબદારીમાંથી પસાર થવાનું નિર્માણ થયેલ પરંતુ મંડળના સદ્ભાગ્યે તેમજ મંડળના સભ્યો તથા ભૂતકાળના કાર્યકર્તાઓના ઔદાર્યથીજ આ સમિતિએ નિર્વિઘ્ને વર્ષ પુરૂં કરેલ છે. ઉપર દર્શાવ્યા કારણસર આ વર્ષમાં વિદ્યાર્થી ભુવનમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી રહી છે, એ એક સ્પષ્ટ હકીકત છે.

તા. ૪-૭-૫૪ના રોજ સત્કાર સમારંભની સભા શ્રી કરશનજીભાઇ ડાહ્યાભાઇ ત્રવાડી બાર-એટ-લો. તથા તેમના ધર્મપત્ની શ્રીમતી ધનકુંવરબેનનું સન્માન કરવા માટે શ્રી વાસુદેવભાઇ મૂળશંકર દ્વીવેદી આયુર્વેદ નિમાયકના પ્રમુખપણા નિચે યોજવામાં આવેલ હતી આ સભામાં શ્રીયુત કરશનજીભાઇ ડાહ્યાભાઇ ત્રવાડીએ જ્ઞાતિ હિત માટે તેઓ તરફથી કરેલ ડાહ્યાભાઇ મુળજી ટ્રસ્ટમાં ૧૦૦૦) એક હજાર શિલીંગનો ઉમેરો કરવાની જાહેરાત કરી હતી.

તા. ૨૫ ૧૧-૫૪ ને ગુરૂવારના રોજ ભૂતપૂર્વ કોષાધ્યક્ષ મંત્રી તથા માનદ ગૃહપતિ તરીકે સેવા આપનાર શ્રીયુત હરિલાલ જેઠાલાલ ત્રિવેદીના દુઃખદ અવસાન બદલ શોક સભા મળી હતી. તે વખતે સદ્ગતે કરેલ સેવાઓ બદલ અંજલી આપવામાં આવી હતી. અને તેઓના આત્માને શાંતી ઇચ્છિતા ઠરાવ કરીને તેમના પુત્ર શ્રીયુત મનસુખલાલને મોકલવામાં આવેલ હતો.

ગત કારોબારી તરફથી તા. ૧૬-૧૨-૫૩ના રોજ ચાલુ કારોબારીને રૂા. ૩૨૧૫૧-૧૫-૩ ની સીલીક સોંપવામાં આવી હતી. તા. ૧૭-૧૨-૫૩ થી તા. ૩૧-૧૨-૫૪ સુધીમાં મંડળને ચાલુ ફંડ, સભ્ય લવાજમ, તિથી ભોજન, સત્ર લવાજમ તથા વ્યાજ વિગેરેની કુલ આવક રૂા. ૫૮૭૯-૯-૬ થયેલ છે. તેમાંથી વિદ્યાર્થીભુવનનું ખર્ચ, સ્કોલરશીપ, તથા વિધવા સહાય માટે તથા મંડળનું સ્ટેશનરી તથા પોષ્ટ ખર્ચનું તથા સત્કાર સમારંભ વિગેરેનું

કુલ ખર્ચ ૬૭૯૫-૭-૩ થયેલ છે. અને તા. ૩૧-૧૨-૫૪ ના રોજ રૂા. ૩૦૪૩૬-૧-૬ની સીલીક રહે છે. જેની વિગત આ સાથેના પરિશિષ્ટોમાં છે ઉપર પ્રમાણે સોંપાયેલ સીલીક અને બાકીની સીલીક જોતાં આ વર્ષે મંડળના ચાલુ ખર્ચને પહોંચી વળવા માટે રૂા. ૧૭૧૫-૧૩-૯ની રકમ આગલી સીલીકમાંથી લેવામાં આવેલછે. અગાઉની દરેક કારોબારીએ બબે વર્ષ અને દોઢ વર્ષ સુધી કામ કરેલ છે. અને આ કારોબારીએ ફકત બાર માસ કામ કરેલ હોય ને ધાર્યું ભંડોળ એકઠું કરવાનો પુરો અવકાશ રહ્યો નથી.

ચાલુ વરસની કારોબારી સમીતીની બેઠકો વખતે દરેક હોદ્દેદારોએ પોતપોતાની જવાબદારી સમજી કામમાં સારો ફાળો આપ્યો છે. બહારગામ વસતા સભ્યો જેઓ રાજકોટથી બહુ દૂર વસે છે. તેમણે પત્રો દ્વારા તેમજ નજીક વસતા સભ્યોએ કોઇ કોઇ વખતે જાતે હાજરી આપી તેમજ કોઇ કોઇ વખત પત્રો દ્વારા પણ સહકાર આપેલ છે. તેમાં ખાસ કરીને શ્રી હરિલાલ મણીશંકર ત્રિવેદી, (પડધરી) એ પોતાની નાદુરસ્ત તબીયત હોવા છતાં લગભગ બધી બેઠકોમાં પડધરીથી આવીને હાજરી આપી છે તે ખાશ નોંધ પાત્ર છે.

કારોબારી શિવાયના મંડળના બીજા સભ્યોએ પત્રો દ્વારા કારોબારી સમીતીને માર્ગદર્શન આપી સહકાર આપ્યો છે. તે માટે તેઓ સર્વનો અત્રે આભાર માનવામાં આવે છે.

ચાલુ વરસના પ્રમુખ શ્રી રામેશ્વર મોહનલાલ ત્રિવેદીએ તેમની ફરજ ઉત્તમ રીતે બજાવી છે. તેઓશ્રી રાજકોટથી દૂર હોવા છતાં તેમજ જેસરથી રાજકોટ આવવા માટે ગાડું તથા ખટારો રેલ્વે વગેરેમાં ત્રાસ દાયક મુસાફરી કરીને તેમજ મુસાફરી ઉપરાંત ધંધા સબંધની નુકશાન ભોગવીને દરેકે દરેક કાર્યવાહી સમીતીમાં હાજરી આપી છે. તે ખરેખર ધન્યવાદને પાત્ર છે.

તેમની હાજરી પાછળ આંકડાની દૃષ્ટિએ તેમણે કેટલો ભોગ આપ્યો છે. તેનો આંક મુકું તો તેમનું ગૌરવ ઓછું કર્યું કહેવાય માત્ર એટલુંજ બસ છે કે સર્વ રીતે તેઓ સારા કાર્યકર છે. એમ તેમણે સાબીત કરી આપ્યું છે.

વિદ્યાર્થીભૂવનના ગૃહપતિની જગ્યા ખાલી પડતાં કુમારી મધુકાન્તા છોટાલાલ શુકલે માનદ ગૃહપતિ તરીકેની સ્વેચ્છાએ સેવા આપી છે ને કારોબારી સમીતીને સહાય કરેલ છે તે બદલ તેઓ ધન્યવાદને પાત્ર છે.

કારોબારી સમિતિને વિધવિધ રીતે સહાય કરનાર દરેકના નામ તથા કાર્યનું વર્ણન કરૂં તો કોઈકને અન્યાય થવા સંભવ રહે છે. તેથી તેઓ સર્વનો આ તકે આભાર માનવામાં આવે છે.

મનુષ્યમાત્ર દોષને પાત્ર છે. એ રીતે વરસ દરમિયાન અમારાથી ઘણી ભૂલો થઈ હશે. તે માટે આપ ઉદાર દૃષ્ટિથી ક્ષમા આપશો અને જે રીતે આપ ભાઈઓએ તથા બ્હેનોએ અમોને સહકાર તથા સહાય આપેલ છે તે રીતે હંમેશને માટે મંડળના શુભ તથા પવિત્ર કાર્યને અખંડીત રીતે સહાય આપ્યા કરશો એવી આશા સાથે અમો અત્રે વિરમીએ છીએ.

## સંવત ૨૦૧૦ ની સાલમાં વિદ્યાર્થીભુવનનો લાભ લેનાર વિદ્યાર્થીઓ.

| નામ | ટર્મ | ફેમ | ગામ | ધોરણ. |
|---|---|---|---|---|
| જયેન્દ્રકુમાર જાદવરાય ઉપાધ્યાય | પહેલી | માફી | રાજકોટ | મેટ્રીક |
| અમૃતલાલ પ્રાણલાલ ત્રિવેદી | પહેલી | માફી | ધુડશિયા | મેટ્રીક |
| હરસુખરાય જેશંકર ત્રિવેદી | પહેલી | માફી | કાલાવાડ | મેટ્રીક |
| અનંતરાય દુર્ગાશંકર ત્રિવેદી | ૧-૨-૩ | માફી | સાજીયાવદર | સીકસ અને મેટ્રીક |
| પ્રદ્યુમ્ન માનશંકર ત્રિવેદી | પહેલી | પેઈંગ | પડધરી (હાલ મુંબઈ) | સીકસ |
| ત્રંબકલાલ રમણિકલાલ ત્રિવેદી | ૧-૨-૩ | પહેલીટર્મમાં માફી ૨-૩ માં અર્ધી | નાંદરખા | સીકસ અને મેટ્રીક |
| ધીરજલાલ નારણજી ત્રિવેદી | ૧-૨-૩ | બીજીમાં અર્ધી ૧-૩ માં માફી | વાંકિયા | સીકસ અને મેટ્રીક |
| લાભશંકર ભાઈશંકર જાનિ | પહેલી | અર્ધી | હર્ષદપુર | ફીફ્થ |
| ચંપકલાલ રવિશંકર ત્રિવેદી | ૧-૨-૩ | માફી | પોરબંદર | ફીફ્થ ને સીકસ |
| પ્રતાપરાય વૃજલાલ ત્રિવેદી | ૧-૨-૩ | માફી | તકતલાવ | ફીફ્થ ને સીકસ |
| પ્રવિણચંદ્ર કાન્તિલાલ ઉપાધ્યાય | ૨-૩ | માફી | | સીકસ |
| પ્રિતમરાય પ્રાણલાલ ત્રિવેદી | ૧ | માફી | ધુડશિયા | ફીફ્થ |
| રમેશચંદ્ર અમૃતલાલ ત્રિવેદી | ૧-૨-૩ | પેઈંગ | સાજીયાવદર | ફોર્થ ને ફીફ્થ |
| ઈશ્વરલાલ ગૌરીશંકર ત્રિવેદી | ૧-૨-૩ | ૧-માં માફી ૨ જી. માં પેઈંગ ૩ માં અર્ધી | પડવલા | ફોર્થ |
| જગદિશચંદ્ર પરસોત્તમ ભટ્ટ | ૧-૨ | માફી | ધ્રાલ | ફોર્થ |
| રમણિકલાલ અમૃતલાલ જાનિ | ૧-૨-૩ | ૧-૩ માફી ૨ મા અર્ધી | હર્ષદપુર | સેકંડ અ થર્ડ |
| અરૂણચંદ્ર દેવશંકર ઉપાધ્યાય | ૧-૨-૩ | માફી | ભાયાવદર | સેકંડ અ થર્ડ |

## તા. ૧૬-૧૨-૫૩ થી તા. ૩૧-૧૨-૫૪ સુધીનો હિસાબ

### જ

| | |
|---|---|
| ૩૨૧૫૧-૧૫-૩ | આઠમા રીપોર્ટમાં બતાવ્યા મુજબ સીલક ખા. પા. ૩૫ |
| ૧૯૦૦-૧૨-૦ | ચાલું ફંડ ખા. પા. ૩૬ પરિશિષ્ટ નં-૧ |
| ૧૨૮-૦-૦ | સભ્ય લવાજમ ખા. પા ૩૭ |
| ૨૦૨-૦-૮ | આજીવન સભ્ય લવાજમ ૩૭ પરિશિષ્ટ નં. ૭ |
| ૬૫૦-૦-૦ | કાયમી તિથિફંડ ખા. પા. ૩૮ પરિશિષ્ટ નં. ૨ |
| ૪૧૬-૨-૦ | વ્યાજ ખા. પા. ૩૮ પરિશિષ્ટ નં. ૮ |
| ૧૦-૦-૦ | પુસ્તકાલય ખા. પા. ૪૧ પરિશિષ્ટ નં. ૫ |
| ૨-૮-૦ | વસ્તીપત્રક ખા. પા. ૪૨ |
| ૧૨૨૦-૦-૦ | સત્ર લવાજમ ખા. પા ૪૩ |
| ૪૫૫-૦-૦ | ભોજન ખા. પા. ૪૪ પરિશિષ્ટ નં. ૬ |
| ૧૦-૦-૦ | ડીપોઝીટ ખા. પા. ૪૫ |
| ૭૫-૦-૦ | શ્રી શાન્તિલાલ રેવાશંકર ખા. પા. ૪૬ |
| ૦-૩-૬ | સ્ટેશનરી ખા. પા. ૪૬ |
| ૧૦-૦-૦ | અનામત ખા. પા. ૪૭ |
| ૩૭૨૩૧-૮-૯ | |

### ઉ

| | |
|---|---|
| ૪૭-૦-૦ | ચાલુ ફંડ ખા. પા ૩૬ પરિશિષ્ટ નં. ૧ |
| ૩૪૬-૧-૦ | વિધવા ફંડ ખા.પા.૩૮ પરિ. ન.૩ |
| ૬૫૮-૫-૦ | સ્કોલરશીપ ખા. પા. ૩૯ પરિશિષ્ટ નં. ૪ |
| ૫૩-૫-૦ | પોસ્ટ ખર્ચ ખા. પા. ૩૯ |
| ૧૬-૧૩-૬ | પરચુરણ ખા. પા. ૪૦ |
| ૩૩-૦-૦ | છપામણી ખા. પા. ૪૨ |
| ૫૫૫૧-૧-૬ | વિદ્યાર્થી ભુવન ખા. પા. ૪૩ |
| ૧૦-૦-૦ | ડીપોઝીટ ખા. પા ૪૫ |
| ૨૪-૫-૩ | સ્ટેશનરી ખા. પા. ૪૫ |
| ૫૫-૮-૦ | વૈદ્યરાજ રતિલાલ શિવશંકરના આગલા રિપોર્ટમાં લેણા હતા તે ખા. પા. ૪૫ |
| ૬૭૯૫-૭-૩ | |
| ૩૦૪૩૬-૧-૬ | શ્રી પુરાંત બાકી |
| | ૯૦-૦-૩ મંત્રીશ્રી પાસે સીલક |
| | ૧૭૮૫-૧૧-૩ યુનીયન બેન્ક કરંટમાં |
| | ૨૯૮-૮-૦ ઇન્ડીયાબેંકમાં સેવીંગ્સમાં |
| | ૧૪૯૨૫-૦-૦ સૌ. સ્ટેટ ડેવીલપ લોન |
| | ૧૩૩૩૬-૧૪-૦ સૌ. સ્ટેટ બેંકમાં સેવીંગ્સમાં |
| | ૩૦૪૩૬-૧-૬ |
| ૩૭૨૩૧-૮-૯ | |

# પરિશિષ્ઠ નાં. ૧

## શ્રી ચાલુ ફંડ ખાતું

જ

૫૦૧) શ્રી દોલતભાઇ એન્ડ મેસર્સ ચંપકલાલની કું. હા. નવલભાઇ
૧૦૦) શ્રી કાનજી લવજી હપ્તા પેટે
૧૧) શ્રી પ્રભાશંકરભાઇ ભારત વૉચ કું.
૬૦) શ્રી ચંદ્રશંકર રવિશંકર હપ્તા પેટે જુદી જુદી તારીખે.
૧૨) શ્રી નવલશંકર મયાશંકર (રસીદ બુક છપામણીના)
૫૦૧) શેઠ શ્રી હિંમતલાલ હરજીવનભાઇ હા નવલભાઇ
૫૧) શ્રી લાભશંકર પુરૂષોતમપ્રસાદ
૫૧) શ્રી દેપાલીયા ગામ સમસ્ત તરફથી હેરમોનીયમ લેવા હા. ડૉ. રામેશ્વરભાઇ
૨૫) શ્રી કરશનજી ડાહ્યાભાઇ (આફ્રિકા વિદાય સમયે ભેટ)
૧૧) શ્રી પ્રભાશંકરભાઇ ભારત વૉચ કું. હા. મહાદેવભાઇ
૧૧ શ્રી ત્રીકમજી રણછોડ ત્રવાડી

---

૧૩૩૪

ઉ

૪૭ દેપાલીયા ગામ સમસ્ત તરફથી હેરમોનીયમ લીધું તેના,
૩૫) હેરમોનીયમ
૧૨) રીપેર કરામણ

---

૪૭)

### લગ્ન પ્રસંગે

૨-૮-૦ શ્રી કરૂણાશંકર બાવાભાઇ
૨-૮-૦ શ્રી કલ્યાણજી મણિશંકર
૨-૮-૦ શ્રી શાંતિલાલ પોપટભાઇ
૫-૦-૦ શ્રી લક્ષ્મીશંકર જેશંકર
૫-૦-૦ શ્રી મણિશંકર કાશીરામ
૧૧-૦-૦ શ્રી ભાનુશંકર પોપટ
૧૦૧-૦-૦ શ્રી વૈદ્યરાજ મહાદેવ કાલીદાસ

---

૧૨૯-૮-૦

### પરચુરણ પ્રસંગે

૧૧-૦-૦ શ્રી કાંતિલાલ દેવશંકર (યજ્ઞોપવિત)
૫-૦-૦ ,, મણિશંકર નાગજી ,,
૫-૦-૦ ,, ત્રંબકલાલ જાદવજી (સગપણ)
૫-૦-૦ ,, ખીમશંકર નારણજી સગપણ
૫-૦-૦ ,, ચત્રભુજ નથુ ,,
૫-૪-૦ ,, રવિશંકર આતમારામ ,,

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫-૪-૦ | ,, પોપટલાલ કામેશ્વર | સગપણ | ૨-૮-૦ | ,, જયાશંકર મણિશંકર | ,, |
| ૫-૦-૦ | ,, ગોવિંદજી જેઠાભાઈ | ,, | ૧-૪-૦ | ,, મોહનલાલ જયશંકર | ,, |
| ૧-૪-૦ | ,, ગિરજાશંકર નારણજી | ,, | ૧-૪-૦ | ,, ઉમીયાશંકર લાલજી | ,, |
| ૧૧-૦-૦ | ,, માનશંકર ઉદયશંકર | ,, | | | |
| ૨-૦-૦ | ,, શાન્તિલાલ જયશંકર | ,, | ૬૮-૪-૦ | | |
| ૨-૮-૦ | ,, હરિપ્રસાદ હરખજી | ,, | | | |

### ઉત્તરક્રિયા પ્રસંગે

| | | | |
|---|---|---|---|
| ૪-૨-૦ | શ્રી મણિશંકર વાલજી | ૨૫-૦-૦ | ,, લાધારામ અજરામર |
| ૧૧-૦-૦ | ,, લાધા દેવરામ | ૨-૦-૦ | ,, શંકરજી ઘેલાભાઈ |
| ૫-૦-૦ | ,, લાભશંકર કાલીદાસ | | |
| ૧૦-૪-૦ | ,, દુર્લભજી રેવાશંકર | ૫૭-૬-૦ | |

### શ્રાવણી પ્રસંગે

| | | | |
|---|---|---|---|
| ૨-૦-૦ | શ્રી ચંદ્રશંકર જટાશંકર | ૧૧-૦-૦ | ,, બાલાશંકર મણિશંકર |
| ૨૫-૦-૦ | ,, નવલશંકર મયાશંકર | ૨-૦-૦ | ,, વાસુદેવ લક્ષ્મીશંકર |
| ૫-૦-૦ | ,, ભાઇશંકર ચકુભાઇ | ૧-૦-૦ | ,, પ્રાણશંકર ત્રીકમજી |
| ૫-૦-૦ | ,, માનશંકર ઉદયશંકર | ૨૫-૦-૦ | ,, રમણિકલાલ રતનજી |
| ૨૫-૦-૦ | ,, મહાદેવ કાલીદાસ | ૧-૦-૦ | ,, જીવણલાલ મૂલજી |
| ૨૬-૧૦-૦ | ,, કાનજી કૃપાશંકર | | |
| ૧૫૧-૦-૦ | ,, હરિલાલ જાદવજી | ૨૮૦-૧૦-૦ | |
| ૧-૦-૦ | ,, દુર્ગાશંકર કાલીદાસ | | |

### દિપોત્સવી

૨૫-૦-૦ શ્રી નવલશંકર મયાશંકર
૧-૦-૦ ,, લક્ષ્મીશંકર પ્રાગજી
૫-૦-૦ ,, ત્રિવેદી મેડીકલ સ્ટોર્સ.
(હા. ભાઇશંકર ચકુભાઈ)

૩૧

૧૯૦૦-૧૨-૦

# પરિશિષ્ઠ નાં. ૨

### કાયમી તીથીફંડ ખાતે

૨૫૦ શ્રી શુકલ હરખશંકર જયશંકર
૪૦૦ શેઠ શ્રી હીરજી કેશવજી તરફથી (શેઠ દામજી કેશવજી કેશરવાળાની તિથિ)

૬૫૦

# પરિશિષ્ટ નાં. ૩

## વિધવા ફંડ ખર્ચ ખાતે

૨૦) બાઈ લક્ષ્મી જેરામ માસ ૪
૨૦) ,, ચતુરા પ્રભાશંકર ,, ,,
૨૮) ,, હરિબાઈ દેવશંકર ,, ,,
૨૮) ,, કસ્તુર મણિશંકર ,, ,,
૨૮) ,, દયાકુંવર વેલજી ,, ,,
૨૮) ,, બેનકુંવર પ્રભાશંકર ,, ,,
૧-૧૦-૦ ,, મનીઓર્ડર ફી.
૨૫) ,, લક્ષ્મીબાઈ જેરામ ,, ૫

૨૫) ,, ચતુરાબાઈ પ્રભાશંકર માસ ૫
૩૫) ,, હરિબાઈ દેવશંકર ,, ,,
૩૫) ,, કસ્તુર મણિશંકર ,, ,,
૩૫) ,, દયાકુંવર વેલજી ,, ,,
૩૫) ,, બેનકુંવર પ્રભાશંકર ,, ,,
૨-૭-૦ મનીઓર્ડર ફી.

૩૪૬-૧-૦

# પરિશિષ્ટ નાં. ૪

## સ્કોલરશીપ ખર્ચ ખાતે

૪૦) પ્રભુલાલ ભાઈશંકર માસ ૪
૨૦) જયન્તીલાલ અમૃતલાલ ,,
૨૪) બ્હેન જયા રામકૃષ્ણ ,,
૨૦) કનૈયાલાલ છોટાલાલ ,,
૨૦) સુકન્યા પ્રભાશંકર ,,
૧૬) પ્રેમીલા પ્રભાશંકર ,,
૧૬) ચંદ્રકાન્ત મગનલાલ ,,
૧૨) ચંદન કાંતિલાલ ,,
૨૮) હેમતલાલ જાદવજી ,,
૨-૫-૦ મનીઓર્ડર ફી.
૫૦) પ્રભુલાલ ભાઈશંકર માસ ૫
૨૫) જયન્તીલાલ અમૃતલાલ ,,
૩૦) જયા રામકૃષ્ણ ,,
૨૫) કનૈયાલાલ છોટાલાલ ,,
૨૫) સુકન્યા પ્રભાશંકર ,,
૨૦) પ્રેમીલા પ્રભાશંકર ,,
૨૦) ચંદ્રકાન્ત મગનલાલ ,,
૧૫) ચંદન કાન્તિલાલ
૩૫) હેમતલાલ જાદવજી ,,

૨-૧૨-૦ મનીઓર્ડર ખર્ચ
૩૦) પ્રભુલાલ ભાઈશંકર માસ ૩
૧૫) જયન્તીલાલ અમૃતલાલ ,,
૧૨) ચંદનબાળા કાન્તિલાલ ,,
૧૨) કિશોર કાન્તિલાલ ,,
૧૨) ચંદ્રકાન્ત મગનલાલ ,,
૧૨) સુકન્યા પ્રભાશંકર ,,
૧૨) પ્રેમીલા પ્રભાશંકર ,,
૧-૨-૦ મનીઓર્ડર ફી
૩૦) પ્રભુલાલ ભાઈશંકર માસ ૩
૧૫) જયન્તીલાલ અમૃતલાલ ,,
૧૨) સુકન્યા પ્રભાશંકર ,,
૧૨) પ્રેમીલા પ્રભાશંકર ,,
૧૨) ચંદન કાન્તિલાલ ,,
૧૨) કિશોર કાન્તિલાલ ,,
૧૨) ચંદ્રકાન્ત મગનલાલ ,,
૧-૨-૦ મનીઓર્ડર ખર્ચ

૬૫૮-૫-૦

# પરિશિષ્ટ નાં. ૫

## પુસ્તકાલય ખાતુ

૧૦) શ્રી કરશનજી ડાહ્યાભાઈ ત્રવાડી (સિલાપ માસિકના લવાજમના)

# પરિશિષ્ટ નાં. ૬

## વિદ્યાર્થીભુવન તિથિ ભોજન ખાતુ

૨૫) શ્રી રેવાશંકર બેચરભાઈ
૫૦) ગં. સ્વ. ઉમેદબેન ઇશ્વિરલાલ
૨૫) એક સદ્દગૃહસ્થ (હા. ત્રંબકલાલ જાદવજી
૨૫) શ્રી લાધા દેવરામ
૨૫) ગં.સ્વ. જાનબાઇ વેલજી
(હા. મહાદેવભાઇ)
૧૨૫) ,, કમળાબ્હેન ચાંપસી
(હા. મહાદેવભાઇ)
૫૦) ,, ઉમેદબેન ઇશ્વિરલાલ
૨૫) શ્રી મનસુખલાલ હરિશંકર શુકલ
૨૫) શ્રી વિશ્વનાથ અમરેશ્વર
૨૫) શેઠ શ્રી હરગોવિંદદાસ નાગરદાસ
(હા. મહાદેવભાઈ)
૩૦) શેઠ શ્રી પ્રેમજી હરિદાસ (હા. મહાદેવભાઈ)
૨૫) શ્રી મનસુખલાલ હરિલાલ

---
૪૫૫

# પરિશિષ્ઠ નાં. ૭

## આજીવન સભ્ય

૧૦૧) શ્રી સુનીલાલ ગંગાધર
૧૦૧) ,, ચીમનલાલ પુરૂષોત્તમ

---
૨૦૨)

# પરિશિષ્ટ નાં. ૮

## વ્યાજ ખાતુ

૦-૧૦-૦ બેંક ઓફ ઇન્ડીયા વ્યાજ ૧૯૫૩
૧૫૧-૮-૦ સૌરાષ્ટ્ર સ્ટેટ બેંકનું વ્યાજ ૧૯૫૩
૨૬૪-૦-૦ શ્રી હરિશંકર ડાહ્યાભાઈના
(ડાહ્યાભાઈ ટ્રસ્ટના વ્યાજના ૧૯૫૪)

---
૪૧૬-૨-૦

## વિદ્યાર્થીભુવનનું સરવૈયું તા. ૧૬-૧૨-૫૩ થી તા. ૩૧-૧૨-૫૪ સુધીનું

**જ**

| | |
|---|---|
| ૫૫૫૧-૧-૬ | હિતેચ્છુ મંડળના જમા |
| ૩૧-૧-૦ | શ્રી દુર્ગેશભાઈના પગારના બાકી તે જમા. |
| ૫૫૮૨-૨-૬ | |

**ઉ**

| | |
|---|---|
| ૧૧૩૦-૧-૬ | અનાજ ખાતે |
| ૫૮૭-૯-૦ | ઘી ખાતે |
| ૧૯૮-૭-૯ | તેલ ખાતે |
| ૮૫-૧૨-૯ | ગોળ ખાતે |
| ૫૧-૧૪-૦ | ખાંડ ખાતે |
| ૨૯-૧૪-૦ | કેરોસીન ખાતે |
| ૪૨૧-૧૩-૬ | દૂધ ખાતે |
| ૫૦૬-૫-૦ | સરપણ ખાતે |
| ૧૦૪-૫-૯ | વિજળી ખાતે |
| ૩૨-૧૨-૬ | અખબાર ખાતે |
| ૩૫-૧૧-૦ | લાયબ્રેરી ખાતે |
| ૭૭-૦-૬ | રીપેરીંગ ખાતે |
| ૧૮-૧૧-૦ | રમતગમત ખાતે |
| ૪૧-૨-૬ | સ્ટેશનરી ખાતે |
| ૧૬-૧૨-૯ | પુસ્તક ખાતે |
| ૧૩૨૮-૧૨-૦ | પગાર ખાતે |
| ૭૧૮-૧૧-૩ | રસોડાં ખાતે શાક, દળામણ, મસાલા વગેરે |
| ૧૮૦-૦-૦ | પરચુરણ ખર્ચ ખાતે |
| ૮-૩-૯ | ટપાલ ખર્ચ ખાતે |
| ૮-૨-૦ | દવા ખાતે |
| ૫૫૮૨-૨-૬ | |

# વિદ્યાર્થીઓના વાલીઓને

વિદ્યાર્થીઓના વાલીઓનું ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે કે વિદ્યાર્થીભુવનમાં વિદ્યાર્થીઓને એ આશા અને ધ્યેયથી દાખલ કરવામાં આવે છે કે તેઓ આર્યોચિત સુસંસ્કાર સાથે શિક્ષણ પ્રાપ્ત કરી સ્વાશ્રયી અને સાચા નાગરિકો બને. આ ધ્યેયને લક્ષમાં રાખીને સંસ્થાના સંચાલન–વ્યવસ્થાના નિયમો અમલમાં મૂકવાના હોય છે, અને જેટલા અંશે સમજણ પૂર્વક અને સ્વેચ્છાથી પોતાનું હિત સમજી વિદ્યાર્થીઓ નીતિ–નિયમોનું પાલન કરે તેના પ્રમાણમાં આદર્શ સિદ્ધ થઈ શકે છે માત્ર સંસ્થાના સ્થાનિક કાર્યકરો તેમજ ગૃહપતિનેજ જવાબદાર ગણી સંતોષ માનવાથી કાર્ય સરે નહિ વિદ્યાર્થીઓના વાલીઓએ વિદ્યાર્થીભુવનનો લાભ લેતા પોતાના બાળકો સંસ્થાના નિયમોનું પ્રેમપૂર્વક સ્વેચ્છાથી યથાવત્ પાલન કરવામાં અભિરૂચિ રાખે તે માટે આગ્રહ પૂર્વક પ્રયત્નશીલ રહેવું જોઇએ અને પોતાના બાળકને વારંવાર તે માટે સમજણ આપવી જોઇએ.

કેટલીક વખત વિદ્યાર્થીના ચારિત્રદોષ, ઉદ્ધતાઈ કે સંસ્થાપ્રતિ અહિતકર વર્તન માટે શિસ્તના પગલા ભરવામાં સંચાલકો કે ગૃહપતિને અનેક વિટંબનાઓ ઉપસ્થિત થાય છે એટલુંજ નહિ પણ તે શિસ્તભંગ માટે લીધેલાં પગલાનું ઉચિત પરિણામ પણ આવતું નથી એટલે શિસ્તભંગ માટે લીધેલ પગલાં કે શિક્ષા કેવળ તેનું નિવારણ નથી પણ વિદ્યાર્થી સ્વતઃ પોતાની ચ્યુતિ સમજે, તેને પશ્ચાતાપ થાય, અને જો તેને શિક્ષા કરવામાં આવી હોયતો તેને પ્રાયશ્ચિત માને એજ તેનું ખરૂં નિવારણ છે.

આવી આદર્શ સ્થિતિ પ્રાપ્ત કરવા—વિદ્યાર્થીઓને સુસંસ્કારી ચારિત્રવાન બનાવવા—સંસ્થામાં પ્રેમમય વાતાવરણ સર્જવા, વિદ્યાર્થીઓના વાલીઓ શિક્ષણ તથા સંસ્કારમાં અભિરૂચિ રાખી પોતાની ખરી જવાબદારી સમજી સંસ્થાના સંચાલકો તથા ગૃહપતિને સહકાર આપે સંસ્થાને આદર્શ બનાવવા પોતાનો અમૂલ્ય ફાળો આપે.

—મંત્રીઓ

# સં. ૨૦૧૦ ના
# કાર્યવાહક મંડળના સભ્યોના નામ

| | | | |
|---|---|---|---|
| પ્રમુખ :— | શ્રી | રામેશ્વર મોહનલાલ ત્રિવેદી | જેસર |
| ઉપપ્રમુખ :— | શ્રી | હરીલાલ મણિશંકર ત્રિવેદી | પડધરી |
| ,, | શ્રી | જયન્તીલાલ કલ્યાણજી ત્રિવેદી | અલીયાબાડા |
| મંત્રીઓ :— | શ્રી | ચંદ્રશંકર રવિશંકર ભટ્ટ | રાજકોટ |
| ,, | શ્રી | ચંપકલાલ મોહનલાલ ત્રિવેદી | રાજકોટ |
| કોષાધ્યક્ષ :— | શ્રી | હરિલાલ મણિશંકર ત્રિવેદી | રાજકોટ |
| એકસ ઓફીસીઓ :- | શ્રી | શાસ્ત્રી રેવાશંકર બેચરલાલ ત્રિવેદી | પડધરી |
| સભ્યો :— | શ્રી | નવલશંકર મયાશંકર ત્રિવેદી | મુંબઇ |
| ,, | શ્રી | વૈદ્યરાજ મહાદેવભાઈ કાલીદાસ ત્રિવેદી | ઘાટકોપર |
| ,, | શ્રી | ભાઇશંકર ગોવીંદજી ઉપાધ્યાય | કુતિયાણા |
| ,, | શ્રી | શાંતીલાલ ગંગાધર ત્રિવેદી | જેતપુર |
| ,, | શ્રી | ભૂપતરાય જયન્તીલાલ ત્રિવેદી | અલીયાબાડા |
| ,, | શ્રી | ડો. પ્રાણલાલ રણછોડલાલ ત્રિવેદી | અમદાવાદ |
| ,, | શ્રી | શાસ્ત્રી તુલજાશંકર શિવશંકર ત્રિવેદી | રાજકોટ |
| ,, | કુ. | બ્હેન શ્રી મધુકાન્તા છોટાલાલ શુકલ | રાજકોટ |

## નોંધ

શ્રી શાંતીલાલ શંકરલાલ શુકલ તથા શ્રી રજનીકાન્ત શાંન્તીલાલ ત્રિવેદી તા. ૨૧-૧૧-૫૩ થી તા. ૬-૬-૫૪ સુધી મંત્રી પદે રહ્યા.

શ્રી. મનસુખલાલ હરીલાલ ત્રિવેદી તા. ૨૧-૧૧-૫૩ થી તા. ૧-૮-૫૪ સુધી સભ્ય પદે રહ્યા.

સત્સંગ પ્રેસ-રાજકોટ